**<u>મહેરબાન અરવલ્લી જીલ્લાના</u>**
**<u>એડીશ્નલ સેશન્સ જજશ્રી ની કોર્ટ સમક્ષ</u>**
**<u>મુ. મોડાસા, જી. અરવલ્લી.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૩૭૭/૨૦૨૬**

**આંક–**

**<u>અરજદારઃ–</u>**

સંજયભાઇ નટુભાઇ વસાવા,
ઉં.વ.આ.૨૯, ધંધોઃ – મજુરી
રહેવાસીઃ–શકિતનગર (નવીનગરી), તા.ધનસુરા જી.અરવલ્લી
(હાલ રહે. સબજેલ મોડાસા)

વિરૂદ્ધ

**સામાવાળા.**

ધી સ્ટેટ ઓફ ગુજરાત ...

---

- અરજદાર તરફે વિ.વ.શ્રી એ.એન.ખાંટ
- સામાવાળા તરફે વિ. પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ

---

**<u>–।। હુકમ ।।–</u>**

**૧.** હાલની અરજી અરજદાર/આરોપીનાઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા સારૂ આપેલ છે.

**૨.** અરજદાર/આરોપી વિરૂદ્ધ **ધનસુરા પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર – ૧૧૧૮૮૦૦ ૪૨૫૦૬૬૮/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૧૦(૨), ૩૩૩, ૧૨૭(૨), ૩(૫), ૬૧, ૨૩૮ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫** મુજબનો ગુનો દાખલ થયેલ છે.

૩. હાલની જામીન અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કાઢતા સામાવાળા તરફે વિ.પ્રોસીક્યુટરશ્રી ડી.એસ.પટેલ હાજર થયેલ છે અને સેશન્સ કેસ નંબર :- ૧૯/૨૦૨૬ નું રેકર્ડ ધ્યાને લીધું.

૪. **અરજદારના વિ.વ.શ્રી એ.એન.ખાંટનાઓએ મુખ્યત્વે પોતાની મુળ અરજીની હકીકતોનું પુનઃ ઉચ્ચારણ કરી રજુઆત કરેલ છે કે,** આરોપી તદ્દન નિર્દોષ છે તેમજ હાલના બનાવ બાબતે કાઇ જાણતા નથી તેમ છતાં પોલીસે અટક કરેલ હોય હાલમાં જયુડીશીયલ કસ્ટડીમાં છે તેમજ આરોપી સામે દ્વેશભાવ રાખી હાલની ફરીયાદ કરેલ છે. આરોપી સ્થાનિક જીલ્લાના રહેવાશી છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી, સ્થાવર તથા જંગમ મિલકતો ધરાવે છે અને અરજદાર/આરોપીનો કોઇ ગુનાહીત ઈતિહાસ નથી અને નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા, તપાસના કામે સહકાર આપવા અને જામીન આપવા તૈયાર છે.તેમજ હાલના બનાવના અન્ય આરોપીને નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ફોજદારી પરચુરણ અરજી નંબર:- ૨૫૬૫/૨૦૨૬ અન્વયે જામીન મુકત કરવામાં આવેલ છે. તેથી અરજીની હકીકત અને કેસનાં સંજોગો ધ્યાને લઈ જામીન પર મુક્ત કરવા જણાવેલ છે.

૫. **સામાવાળા સરકાર તરફે વિ.પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ નાઓએ ફરીયાદીની ફરીયાદ હકીકતને ધ્યાને લઈ એવી રજુઆત છે કે,** આ કામના આરોપી સામે લુંટની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે અને આ ગુના બાબતે જરૂરી તમામ તપાસ થઇ અને ચાર્જશીટ કરવામાં આવેલ છે જેનો સેસન્સ કેસ નંબર:- ૧૯/૨૦૨૬ થી ચાલી રહેલ છે. તેમજ આ કામે હાલના આરોપી ધ્વારા અગાઉ ફોજદારી પરચુરણ અરજી નંબર:- ૧૧૦૪/૨૦૨૫ થી દાખલ કરવામાં આવેલ હતી. જે નામદાર કોર્ટ ધ્વારા ગુણદોષ પર રદ્દ કરવામાં આવેલ. ત્યારે માત્ર ચાર્જશીટ દાખલ થઇ જવા પાત્રથી નવું કોઇ કારણ ઉપસ્થીત થયેલ નથી. તેમજ નામદાર હાઇકોર્ટ ધ્વારા ગુણદોષ પર ઉતર્યા વગર માત્ર વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી આરોપીને જામીન પર મુકત કરેલ છે. આમ, જયારે અત્રેની અદાલત દ્વારા આરોપીની અરજી નામંજુર કરેલ હોય ત્યારે હાલની અરજી રદ્દ કરવા રજુઆત કરેલ છે.વધુમાં રજુઆત કરેલ છે કે દિન પ્રતિદિન ચોરી અને લુંટના ગુન્હાઓ વધી રહેલ છે જેથી આવા ગુન્હાઓને હળવાશથી લેવામાં આવે તો સમાજ પર તેની માઠી અસર થાય તેમ છે જેથી ગુન્હાની ગંભીરતાને ધ્યાને લેતા જામીન અરજી રદ્દ થવાને પાત્ર છે.

૬. તમામ પક્ષકારોની રજુઆતો, જામીન અરજીની હકીકત તથા સેશન્સ કેસ નંબર–૧૯/૨૦૨૬ ના કામનું રેકર્ડ ધ્યાને લીધું તથા તપાસના કાગળો તથા કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પુરાવાનો પુર્ણાત્મક અભ્યાસ કરવાનો કે પુરાવાના ગુણદોષને વિચારણામાં લેવાના રહેતા નથી અને માત્ર ફરિયાદ તથા પોલીસ પેપર્સને આધારે કરેલ ચાર્જશીટ પર નિર્ણય કરવાનો રહે છે. ઉપરોકત કેસ કાગળો વંચાણે લેતા એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે આ કામના ફરીયાદી કમલેશભાઇ સોમાભાઇ પટેલ રહે.વડાગામ તા.ધનસુરા જી.અરવલ્લીનાઓ તા.૨૭/૦૯/૨૦૨૫ નારોજ નવરાત્રીનો તહેવાર હોય તેમના ફાર્મહાઉસવાળા ઘરે તેઓ તથા સુનિલભાઇ ધીરુભાઇ પટેલ રહે. પટેલ ફળીયું વડાગામનાઓ હાજર હતા અને તેઓ મોબાઇલ ફોનમાં સમાચાર તથા ક્રિકેટ મેચ જોતા હતા તે વખતે રાત્રીના આશરે ૦૦/૩૦ વાગ્યે તેઓના ફોર્મહાઉસવાળા ઘરના પાછળના ખેતરોવાળા રસ્તે ફાર્મ હાઉસની દિવાલ ઓળંગીને મોઢા તથા માથાના ભાગે બુકાની બાંધેલા છ ઇસમો ત્યાં દોડી આવેલા અને છ ઇસમો પૈકી હાથમાં મોટો છરો ધારણ કરેલ એક ઇસમે છરો સાહેદ સુનિલભાઇ ધીરુભાઇ પટેલના ગળા ઉપર મુકી દીધેલ અને બે ઇસમોએ ફરીયાદીને પકડી રાખેલ, જેથી ફરીયાદી તથા સાહેદ સુનિલભાઇએ સદર ઇસમોને જે લેવું હોય તે લઇ જવા અને તેઓને કોઇ મારઝુડ નહી કરવા જણાવતા ફરીયાદી તથા સાહેદ સુનિલભાઇ બંનેને આ ઇસમો ફાર્મહાઉસના અંદરના ભાગે લઇ ગયેલા અને ઘરના પ્રથમ રસોડાવાળા ખંડ પછીના ખંડમાં આવેલ દિવાલ શોકેશ ખાનામાંથી ત્રણ લાખ જેટલી અંદાજિત રોકડ રકમ રૂ.૫૦૦/– ના દરની ચલણી નોટોના બંડલો લુંટીને સાહેદ સુનિલભાઇનો રીયલ મી–૯ કંપનીનો મોબાઇલ ફોન, કિ.રૂ.૫૦૦૦/– નો લુંટીને તેઓને બંનેને રૂમમાં પુરી જે રસ્તે આવેલા તે રસ્તેથી ભાગી ગયેલ છે અને આ છ ઇસમોએ મોઢા તથા માથાના ભાગે બુકાની બાંધેલ હતી તથા હાથ ઉપર હેન્ડ ગ્લોઝ પહેરેલ હતા અને આંખના સુરમો આંજેલ હતો અને હિન્દી ભાષા બોલતા હતા અને શરીરે કાળા તેમજ ઘાટા વાદળી કલરના શર્ટ તેમજ કાળા તેમજ ઘાટા કલરના સાદા તથા જીન્સ પેન્ટ પહેરેલ હતા અને ફરીયાદ આધારે પોલીસે ગુન્હાની તપાસ કરેલ છે અને તપાસ પુર્ણ થયા બાદ આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ છે. તેમજ હાલના આરોપી પર અગાઉ પણ ફોજદારી પરચુરણ અરજી નંબર – ૧૧૦૪/૨૦૨૫ દાખલ કરેલ જે રદ્દ કરવામાં આવેલ છે. ત્યારે માત્ર ચાર્જશીટ થઇ ગયેલ હોવાના કારણ માત્રથી આરોપીને જામીન મુકત થવા માટે નવું કોઇ કારણ મળતું હોય તેવી કોઇ હકીકત આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. અલબત્ત નામદાર હાઇકોર્ટ દ્વારા સહ આરોપીને જામીન મુકત કરેલ છે. પરંતુ આરોપી સામે જયારે ગુનાહીત ઇતિહાસ જણાય આવતો હોય અને હાલના ગુનામાં સક્રિય ભાગ ભજવેલ હોય ત્યારે આરોપીને જામીન મુકત કરવા માટે કોઇ પ્રયાપ્ત કારણ જણાઇ આવતુ નથી.

૭. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા અરજદારની અરજી ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી ત્યારે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયેની અરજદારની હાલની અરજી રદ્દ કરવામાં ન્યાયનું હિત જણાઈ આવતું હોય, હાલની અરજી રદ્દ કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –|| FINAL ORDER ||–

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયેની હાલના અરજદારની રેગ્યુલર જામીન અરજી "**નામંજુર**" કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૫ મી માહે-માર્ચ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૩/૨૦૨૬
સ્થળઃ– મોડાસા.

**(સુનિલ મનહરભાઈ કામદાર)**
એડીશનલ સેશન્સ જજ
મોડાસા–અરવલ્લી
જીજે. ૦૦૯૮૪

જે.બી.રાઠોડ